सामायक वृत.

વિધિસહિત, છકાયના બોલ, અને દેવ, ગુરૂ,
ધર્મ એ ત્રણ તત્વની ઓળખાણ વિષે કવિતા

મહા પંડિત માન્ય પુજ્ય શ્રી દેવજી સ્વામીના
શિષ્ય ભાયાજી સ્વામિ પાસે શુદ્ધ કરાવી
છપાવી પ્રસિદ્ધ કરનાર

श्रावक. पुरूषोतम काहानजी गांधी.

લીંમડી,

અમદાવાદમાં

ખાડીયામાં સારંગપુર જવાના રસ્તાપર
મહેતાજી પીતાંબરદાસ ત્રિભુવનદાસના
મકાનમાં હિતેચ્છુ પ્રેસમાં કેશંગ
મુળજીએ છાપ્યું.

સંવત ૧૯૩૮ સને ૧૮૮૨

મૂલ્ય. બે આના.

अथ श्री सामायक लख्युं छे.

उघाडे मुखे तथा दीवाने अजवाळे वांचवुं नहीं.

नवकार मंत्र. पाठ ॥ १ ॥

નમો અરિહંતાણં ॥ નમો સિદ્ધાણં ॥ નમો આયરિયાણં ॥ નમો ઉવજ્ઝાયાણં ॥ નમો લોએ સવ્વસાહૂણં ॥ ૧ ॥

तिख्खुत्तो अथवा वंदना. पाठ ॥ २ ॥

તિખ્ખુતો ॥ આયાહિણં ॥ પયાહિણં ॥ વંદામિ ॥ નમંસ્સામિ ॥ સક્કારેમિ ॥ સમાણેમિ ॥ કલ્લાણં ॥ મંગળં ॥ દેવયં ॥ ચેઇયં ॥ પજ્જુવા સામિ ॥ ૨ ॥

इरियावहि. पाठ ॥ ३ ॥

ઈચ્છામિ પડિક્કમિઊં ॥ ઇરિયા વહિયાએ ॥ વિરાહણાએ ॥ ગમણા ગમણે ॥ પાણ ક્કમણે ॥ બીય ક્કમણે ॥

હરિય ક્કમણે ॥ ઉસા ઉત્તિંગ ॥ પણગ દગ્ગ ॥ મટ્ટિ મ-
ક્કડા ॥ સંતાણા સંક્કમણે ॥ જેમે જીવા ॥ વિરાહિયા ॥
એગિંદિયા ॥ બેઈંદિયા ॥ તેઈંદિયા ॥ ચઉરિંદિયા ॥ પંચિં
દિયા ॥ અભિહયા ॥ વત્તિયા ॥ લેસીયા ॥ સંઘાઈયા ॥
સંઘટ્ટિયા ॥ પરીયાવિયા ॥ કીલામિયા ॥ ઉદ્દવિયા ॥
ઠાણાઓઠાણં ॥ સંકામિયા ॥ જીવિયાઓ ॥ વવરોવિયા ॥
તસ્સમિચ્છામિ દુક્કડં ॥ ૩ ॥ .

——o❦o——

१५०४

तस्सउत्तरी. पाठ ॥४॥

તસ્સ ઉત્તરી કરણેણં ॥ પાયછિત્ત કરણેણં ॥ વિસો-
હિ કરણેણં ॥ વિસ્સલ્લી કરણેણં ॥ પાવાણં કમ્મા-
ણં ॥ નિઘ્ઘાયણ ઠાએ ॥ ઠામિ કાઉસગ્ગં ॥

અન્નથ્થઉસસિએણં ॥ નિસસીએણં ॥ ખાસિએણં ॥ છી
એણં ॥ જંભાઇએણં ॥ ઉડૂએણં ॥ વાયનિસગ્ગેણં ॥ ભમ
લિએ ॥ પિત્તમુછાએ ॥ સુહુમેહિંઅંગસંચાલેહિં ॥ સુહુમેહિં
ખેલસંચાલેહિં ॥ સુહુમેહિંદિઠિસંચાલેહિં ॥ એવમાઇએહિં ॥
આગારેહિંઅભગ્ગો ॥ અવિરાહિઓ ॥ હુજ્જમેકાઉસગ્ગો ॥

જાવઅરિહંતાણં ॥ભગવંતાણં॥ નમોકારેણં ॥ ન- પારેમિ ॥ તાવકાયં॥ ઠાણેણં ॥ મોણેણં ॥ ઝાણેણં ॥ અપ્પાણં॥વોસિરામિ ॥ ૪ ॥

આંહીંઆં ઇરિઆ વહિઆનો,અને નવકાર એકનો કાઉસગ્ગ કરવો. અને નમો અરિહંતાણં કહી તે કાઉસગ્ગ પાળવો. ॥

लोगस्स.

पाठ ॥२॥

લોગસ્સ ઉજ્જોયગરે ॥ ધમ્મતિથ્થયરેજીણે ॥ અરિ- હંતે કિત્તઇસ્સં ॥ ચઉવી સંપિ કેવલી ॥ ૧ ॥ ઊસભ મજિયંચવંદે ॥ સંભવ મભિ નંદણં॥ ચસુમઇચ ॥ પઉમપ્પહં સુપાસં॥ જિણંચ ચંદપ્પહંવંદે॥ ॥ ૨ ॥ સુવિહિંચ પુપ્ફદંતં ॥ શિઅળસિજ્જંસ વાસુપુજ્જંચ॥ વિમલ મણંતંચજિણં ॥ ધમ્મંસંતિંચવંદામિ ॥ ૩ ॥ કુંથું અરંચમલ્લિં ॥ વંદે મુણિસુવયં નમિજિણંચ ॥ વંદામિ રિઠનેમિં ॥ પાસંતહ વદ્ધમાણંચ ॥ ૪ ॥ એ- વંમએ અભિથુયા॥વિહુયરયમલા પહીણજરમરણા॥

ચઉવીસંપી જિણવરા ॥ તિથ્થયરામે પસીયંતુ ॥ ૫ ॥
કીત્તિયવંદિય મહિયાજે એ લોગસ ઉત્તમા સિદ્ધા ॥
આરૂગ્ગં બોહિલાભં ॥ સમાહિવર મુત્તમંદિંતુ ॥ ૬ ॥
ચંદેસુનિમ્મલયરા ॥ આઇચ્ચે સુઅહિયં પયાસયરા ॥
સાગર વર ગંભીરા ॥ સિદ્ધા સિદ્ધિંમ મંદિસંતુ ॥ ૭ ॥
હવે સમાયકની આજ્ઞા માગીને—

सामायक आदरवानी रीत.

पाठ ॥ ६ ॥

દ્રવ્ય થકી સાવજ્જોગ સેવવાના પચખાણ ॥ ૧ ॥
ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે ॥ કાળ થકી બે ઘડી
સુધી ॥ તે ઉપરાંત ત્રણ નવકાર ગણી ન પાળું તિ-
વાર સુધી ॥૩॥ ભાવથકી છ કોટીએ પચખાણ ॥૪॥
કરેમિ ભંતે સામાઇયં ॥ સાવજ્જં જોગંપચ્ચખા-
મિ ॥ જાવ નિયમ પજ્જુવા સામિ ॥ દુવિહં તિ-
વિહેણં ॥ ન કરેમી ॥ ન કારવેમિ ॥ મણુસા વય
સા કાયસા ॥ તસ્સભંતે પડિક્કમામિ॥ નિંદામી ॥
ગિરીહામિ॥ અપ્પાણું વોસિરામિ ॥ ૬॥

नमोत्थुणं.

पाठ ॥ ७ ॥

શ્રી નમોત્થુણં ॥ ૧ ॥ અરિહંતાણં ॥ ૨ ॥ ભગવંતાણં ॥૩॥ આઇગરાણં ॥૪॥ તિત્થયરાણં ॥૫॥ સયંસંબુદ્ધાણં ॥૬॥ પુરિસોત્તમાણં ॥૭॥ પુરીસસીહાણં ॥૮॥ પુરીસવર પુંડરીયાણં ॥૯॥ પુરીસવર ગંધહત્થીણં ॥ ૧૦ ॥ લોગુત્તમાણં ॥૧૧॥ લોગનાહાણં ॥૧૨॥ લોગહિયાણં ॥૧૩॥ લોગપઇવાણં ॥૧૪॥ લોગ પજ્જોયગરાણં ॥૧૫॥ અભયદયાણં ॥ ૧૬ ॥ ચખ્ખૂદયાણં ॥૧૭॥ મગ્ગદયાણં ॥૧૮॥ સરણદયાણં ॥૧૯ ॥ જીવદયાણં ॥૨૦॥ બોહિદયાણં ॥૨૧॥ ધમ્મદયાણં ॥૨૨॥ ધમ્મદેસિયાણં ॥૨૩॥ ધમ્મનાયગાણં ॥૨૪॥ ધમ્મસારહિંણ ॥૨૫॥ ધમ્મવર ચાઉરંત ચક્ક વટ્ટીણં ॥૨૬॥ દીવો ॥૨૭॥ તાણં ॥૨૮॥ સરણ ॥૨૯॥ ગઈ ॥૩૦॥ પઇઠા ॥૩૧॥ અપડિહય વરનાણ દંસણ ધરાણં ॥૩૨॥ વિયટછઉમાણં ॥૩૩॥ જીણાણં ॥૩૪॥ જાવયાણં ॥૩૫॥ તિન્નાણં ॥૩૬॥ તારયાણં ॥૩૭॥ બુદ્ધાણં ॥૩૮॥ બોહિયાણં ॥૩૯॥

મુત્તાણં ॥૪૦॥ મોયગાણં ॥૪૧॥ સંવ્વન્નુણં ॥૪૨॥ સવ્વદરિસિણં ॥૪૩॥ સિવ ॥૪૪॥ મયલ ॥ ૪૫ ॥ મરૂય ॥૪૬॥મણંત॥૪૭॥મખય॥૪૮॥મવ્વાબાહ॥૪૯॥ મપુણ રાવત્તિં ॥૫૦॥ સિદ્ધિગઈ નામધેયં ॥૫૧॥ ઠાણંસંપત્તાણં ॥૫૨॥ નમો જિણાણં ॥૫૩॥ જિય ભયાણં ॥૫૪॥

—o✿o—

हवे सामायक पाळवानो विधि लख्यो छे.

पाठ ॥ ८ ॥

એહવા નવમા સામાયક વૃતના ॥ પંચઅઇયારા ॥ જાણીયવા ॥ નસમાયરિવા ॥ તંજહા ॥ તે આલોઊં॥ મણ દુપ્પડીહાણે ॥૧॥ વયદુપ્પડીહાણે ॥૨॥ કાય-દુપ્પડિહાણે ॥૩॥ સામાઇયસ્સ સઇઅકરણયાએ॥ ૪॥ સામાઇયસ્સ અણવઠિય સ્સકરણયાએ ॥૫॥ તસ્સ-મિછામિદુક્કડં ॥૧॥ સામાયક સમકાએણં ॥ નફા-સીયં ॥ નપાલીયં ॥ નતિરિયં ॥નકિટ્ટિયં ॥ ન-સોહિયં ॥ ન આરાહિયં ॥ આણાએ ॥ અણુપા-લિતા ॥ નભવઇ ॥ તસ્સમિછામિ દુક્કડં ॥૨॥

સામાયકમાં દશ મનના ॥ દશ વચનના ॥ બાર કાયાના ॥ બત્રીશ દોષ માંહેલો જે કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિછામિ દુક્કડં ॥૩॥

સામાયકમાં સ્ત્રિ કથા ॥ ભત્ત કથા ॥ દેશ કથા॥ રાજ કથા ॥ એ ચાર કથા માંહેલી કોઈકથા કરી હોય તો તસ્સ મિછામિ દુક્કડં ॥૪॥

સામાયક વિધિએ લીધું ॥ વિધિએ પાળ્યું ॥ વિધિએ કરતાં અવિધિએ થયું હોયતો ॥ તસ્સમિછામી દુક્કડં ॥ ૫ ॥

સામાયકમાં અતિકરમ વ્યતિકરમ ॥ અતિચાર ॥ અણાચાર ॥ જાણતાં ॥ અજાણતાં ॥ મને ॥ વચને॥ કાયાએ ॥ કરી કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિછામિ દુક્કડં ॥૬॥ સામાયકમાં કાનો માત્રા મીંડી ॥ પદ્દ અક્ષર ॥ ઓછો અધિક વિપરિત ભણાયો હોય તો અનંત સિદ્ધ કેવળીની સાખે માહરે તસ્સ મિછામિ દુક્કડં ॥૭॥

હવે સામાયક કરવાનો વિધિ લખ્યો છે.

પ્રથમ મોહપતી પડીલેહણ કરી બાંધવી. ॥૧॥

પાથરણું જોઈ ને પાથરવું ॥ ૨ ॥ ગોછો તથા રજો હરણો પડીલેહણ કરી રાખવો ॥૩॥ લઘુ નીતનું ભાજન જોઈ રાખવું ॥૪॥ પેહેરવાનો કપડો હાથ પાંચનો પેહેરવો ॥૫॥ ઓઢવાનો કપડો હાથ સાડા પાંચનો ઓઢવો ॥૬॥ હવે સામાયકના સાત પાઠની વિગત ॥ નવકાર ॥૧॥તિખુત્તો ॥૨॥ ઈચ્છા મિ પડીકમીઊં ॥૩॥ તસ્સઉત્તરી ॥૪॥ લોગસ્સ॥૫॥ દ્રવ્ય થકીનો પાઠ ॥૬॥ નમો થ્થુંણું ॥૭॥ એ સાત પાઠ ભણીને સામાયક કરવું ॥ ઇતી શ્રી સામાયકનો વિધિ સંમપૂર્ણ ॥

હવે સામાયક પાળવાના વિધિને વિષે પાઠ સાત કહેવા ॥ તેમાં દ્રવ્ય થકીનો પાઠ ન કહેવો ॥ ને તેને બદલે એહવા નવમાં સામાયક વૃતના પંચ-અઈઆરાદિક કહેવા ॥

ઈતિ સામાયક પાળવાનો વિધિ સમપૂર્ણ. ॥

બત્રિશ દોષ ટાળી સામાયક કરવું.

તે દોષ નીચે મુજબ.

મનના દોષ ॥૧૦॥

નિરવિવેકી મને કરે ॥ ૧ ॥ યશ કીર્તિની વાંચ્છનાએ કરે ॥ ૨ ॥ ધનનો લાભ વંચ્છે ॥ ૩ ॥ ગર્વ કરે ॥ ૪ ॥ ભયથી કરે ॥ ૫ ॥ પુત્ર તથા ધનાદિકનું નિયાણું કરે તો ॥ ૬ ॥ સામાયકના ફળનો સંદેહ કરે ॥ ૭ ॥ અવિનય કરે ॥ ૮ ॥ પરભવે મને આ રીદ્ધિ દેવતાની પદવી મળે એવી વાંચ્છના કરે ॥ ૯ ॥ સામાયક માંહી રોષ કરે ॥ ૧૦ ॥ એ દોષો મનથી નીપજે ॥

વચનના દોષ ॥૧૦॥

કુવચન બોલે ॥ ૧ ॥ કોઈને ધ્રાસકો પડે એવી ભાષા બોલે ॥ ૨ ॥ સામાયકમાં સ્વર આલાપે ॥ ૩ ॥

આપણે છાંદે બોલે ॥ ૪ ॥ સુત્રા સંક્ષેપે બોલે ॥ ૫ ॥ કલેશ કરે ॥ ૬ ॥ રાજ કથાદિક વિકથા કરે ॥ ૭ ॥ હાંસી મશ્કરી કરે ॥ ૮ ॥ સંપદાવિના ઉતાવળો બોલે ॥ ૯ ॥ મોકળાને (વૃત વિનાનાને) જવા આવવાના આદેશ આપે ॥ ૧૦ ॥

कायाना दोष ॥१२॥

વસ્ત્ર તથા ભૂજાએ કરી પલાંઠી બાંધે ॥ ૧ ॥ આસન આઘું પાછું ફેરવે ॥ ૨ ॥ ચપળપણે સર્વ દિશાએ જૂએ ॥ ૩ ॥ ગ્રહસંબંધી સાવદ્ય (સાવદ્ય એટલે પાપકારી) કર્મ કરે ॥ ૪ ॥ ભીંતસ્થંભાદિકે ઓઠીંગી બેસે ॥ ૫ ॥ અંગઉપાંગ અતિ સંકોચે ॥ ૬ ॥ આળસ મરડે તથા ધર્મ કાર્યે આળસ કરે ॥ ૭ ॥ ટાચકા વગાડે ॥ ૮ ॥ પુંજ્યા વિના શરીરનો મેલ ઉખાડે ॥ ૯ ॥ પુંજ્યાવિના શરીરે ખંજોળે ॥ ૧૦ ॥ વિસામણ કરાવે (અંગ ચંપાવે) ॥ ૧૧ ॥ નિદ્રા કરે ॥ ૧૨ ॥

એ બાર દોષ કાયા થકી નીપજે. મન. વચન અને કાયાના થઇ કુલ બત્રિશ દોષ.

अथ श्री छकायना बोल.

હવે છકાયના નામ કહેછે ॥ પેહેલે બોલે ઈંદીથાવર કાય ॥ ૨ ॥ બંબીથાવર કાય ॥ ૩ ॥ સપિ થાવર કાય ॥ ૪ ॥ સુમતિ થાવરકાય ॥ ૫ ॥ પયાવચથાવરકાય ॥ ૬ ॥ જંગમકાય ॥ હવે ગોત્ર કહેછે ॥ પૃથ્વીકાય ॥ ૧ ॥ આપકાય ॥ ૨ ॥ તેઉકાય ॥ ૩ ॥ વાઉકાય ॥ ૪ ॥ વનસ્પતિકાય ॥ ૫ ॥ ત્રસકાય ॥ ૬ ॥ હવે પૃથ્વી કાયના બે ભેદ ॥ સુક્ષ્મ અને બાદર ॥ સુક્ષ્મતે આખા લોકમાં ભર્યાછે ॥ તે આપણી નજરે ન આવે ॥ જ્ઞાની જાણે દેખે ॥ હવે બાદર પૃથ્વી કાયાના નામ કહેછે ॥ પેહેલે બોલે માટીને મીઠાની જાત ॥ ૨ ॥ ખડીખારાનીજાત ॥૩॥ કાળમિંઢ મરડીઆ પાહાણા ને સિલ્લાની જાત ॥૪॥ હિંગળો હડતાળની જાત ॥૫॥ ગેરૂ ગોપીચંદનની જાત॥૬॥

રત્ન પરવાળાની જાત ॥૭॥ સોળ જાતનાં રત્ન॥ આદિ લેઈને તેંતાળીશ જાતની પૃથ્વી કાય॥ તેમાં એક કકડામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યાછે॥ તે જુવાર તથા પીલુ જેટલી પૃથ્વી કાય લઈએ॥ તે-માંથી એકેકો જીવ નીકળી પારેવા જેવડી કાયા કરેતો॥ એક લાખ જોજનનો જંબુદ્વિપછે॥ તેમાં સમાય નહીં॥ તેનાં કુળ બાર લાખ કરોડ છે॥ તેનું આઉખું જઘન્ય અંતર મુહુરતનું॥ઉત્કૃષ્ટું ૨૨ હજાર વર્ષનું॥ તેની દયા પાળીએતો મોક્ષના સુખ પામીએ॥ હવે અપકાયતે પાણી॥ તેના બે ભેદ॥ સુક્ષ્મ અને બાદર॥ સુક્ષ્મતે આખા લોકમાં ભર્યાછે॥ તે આ-પણી નજરે નઆવે॥ બાદર પાણીના નામ કહેછે॥ પેહેલે બોલે વરસાદને કરાના પાણી ॥૨॥ ઝાકળને ધુમરનાં પાણી ॥૩॥ કુવા નદી તળાવનાં પાણી॥૪॥ દરિઆને ઝરણનાં પાણી ॥૫॥ખારાં ખાટાં પાણી ॥૬॥ મીઠાં મોળાં પાણી ॥૭॥ એ આદિ લેઈને ઘણી જા-તનાં પાણીછે॥ તેના એક બિંદુમાં અસંખ્યાતા જીવ કહ્યાછે॥ તેમાથી એકેકો જીવ નીકળીને સરસવના દાણા

જેવડી કાયા કરેતો લાખ જોજનના જંબુદ્વિપમાં માય નહીં॥ તેનાં કુળ સાત લાખ ક્રોડછે॥ તેનું આઉખું જઘન્ય અંતર મુહુરતનું॥ઉત્કૃષ્ટું સાત હ-જાર વર્ષનું॥ તેની દયા પાળીએતો અનંતા મોક્ષના સુખ પામીએ॥

હવે તેઉકાય તે અગ્ની॥ તેની બે જાત॥ સુક્ષ્મ ને બાદર॥ સુક્ષ્મ તે આખા લોકમાં ભર્યાછે॥ તે આ-પણી નજરે નઆંવે॥ હવે બાદર અગ્નિનાં નામ કહેછે॥ પેહેલે બોલે ચૂલા ને ભઠ્ઠીની અગ્નિ ॥૨॥ ધુમાડા તાપણીની અગ્નિ ॥૩॥ ચકમકને વિજળીની અગ્નિ ॥૪॥ દીવાને ઉમાડાની અગ્નિ ॥૫॥ લોઢા ધગધગતા ને અરણીની અગ્નિ ॥૬॥ એ આદિ લેઈને ઘણી જાતની અગ્નિછે॥ તેના એક તણખામાં અ-સંખ્યાતા જીવ કહ્યાછે॥તેમાંથી અકેકો જીવ નીકળીને ખસખસના દાણા જેવડીકાયા કરેતો॥જંબુદ્વિપમાં ન માય॥ તેના કુળ ત્રણ લાખ કરોડ છે ॥ તેનું આ-ઉખું જઘન્ય અંતર મુહુરતનું॥ ઉત્કૃષ્ટું ત્રણ અહો રાત્રિનું॥ તેની દયા પાળીએતો અનંતા મોક્ષના

સુખ પામીએ॥ હવે વાયરાના બે ભેદ॥ સુક્ષ્મ અને બાદર॥ સુક્ષ્મ તે આખા લોકમાં ભર્યાછે॥ તે આપણી નજરે ન આવે॥ હવે બાદર વાયરાના નામ કહેછે॥ પેહેલે બોલે ઉગમણો અને આથમણો વા॥૨॥ ઉત્તરને દક્ષિણનો વા॥૩॥ ઊંચો નીચોને ત્રિછો વા॥૪॥ વંટોળીઆને મંડળીઓ વા॥૫॥ ગુંજવાને સુધવા ॥૬॥ આદિ લેઇને ઘણી જાતનો વાયરો છે॥ તે શું કરે હણાય છે? ઉઘાડે મોંઢે બોલ્યે॥ ઝાપટ નાંખવે ॥ સુપડે સોવે ॥ ઝાટકવે॥ કાંતવે ॥ વિંઝવે ॥ તાલોટા વગાડવે ॥ વીંઝણે વીંઝવે ॥ હીંચોળે હીંચકવે ॥ આદિલેઈને ઘણી જાતના શસ્ત્રકરી હણાય છે ॥ તે એકવાર ઉઘાડા મોઢે બોલ્યે ॥ અસંખ્યાતા જીવ હણાયછે ॥ તેમાંથી એકેકો જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરેતો ॥ જંબુદ્વિપમાં ન માય ॥ તેનાં કુળ સાત લાખ કરોડછે ॥ તેનું આઉખું જઘન્ય અંતર મુહુરતનું ॥ ઉત્કૃષ્ટું ત્રણ હજાર વર્ષનું ॥ તેની દયા પાળીએતો મોક્ષનાં સુખ પામીએ ॥ પાંચમે બોલે વનસ્પતિ કાય ॥ તે-

ના બે ભેદ ॥ સુક્ષ્મ અને બાદર ॥ સુક્ષ્મ તે આખા
લોકમાં ભર્યાછે ॥ તે આપણી નજરે ન આવે ॥ બા-
દર વનસ્પતિ કાયના બે ભેદ ॥ પ્રત્યેક અને સાધા-
રણ ॥ પ્રત્યેક કોને કહીએ? શરીરે શરીરે એકેકો
જીવ હોય તેને પ્રત્યેક કહીએ ॥ અને એક શરીરે અ-
નંતા જીવ હોય તેને સાધારણ કહીએ॥હવે પ્રત્યેકના
નામ કહેછે ॥ પેહેલે બોલે વૃક્ષને વેલાનો જાત ॥ રીં-
ગણી તળશી ને ગુલમની જાત ॥ એરડા આકડા ધ-
તુરાની જાત ॥ દાડમ શેલડી ને કેળાંનીજાત ॥ ધ્રો કે-
વડો દાભડો ને તરણાનીજાત ॥ ફૂલ કમળ ને નાગ-
રવેલનીજાત ॥ બોરડી કેરડો ને કસેલાની જાત ॥ જુ
વાર બાજરો મઠ મકાઈની જાત ॥ તાંજળજો સૂવા
મોધરી વાળોલ ફળીની જાત ॥ એ આદિ લેઈને ઘણી
જાતની પ્રત્યેક વનસ્પતિછે ॥ તેમાં ભગવાને ત્રણ પ્ર-
કારના જીવ કહ્યાછે ॥ સંખ્યાતા ॥ અસંખ્યાતા ॥ અ-
ને અનંતા ॥ એ ત્રણ પ્રકારના ॥ તેની દયા પાળીએ
તો મોક્ષના સુખ પામીએ ॥ હવે સાધારણ વનસ્પતિ
ના નામ કહેછે ॥ પેહેલે બોલે. લીલફૂલ સેવાળની જા

ત ॥ ગાજર મૂળાની જાત ॥ ડુંગળી લસણની જાત ॥ આદુ ને ગરમરની જાત ॥ રતાળુ પીંડાળુંની જાત ॥ કંટાળો થોર ખરસાણી કુંવાર સેલરાની જાત ॥ મોથ લૂણીની જાત ॥ ઉગતાં અંકૂરાં અને કૂણી કાકડીની જાત ॥ એ કૂણી વનસ્પતિ આદિ સર્વે જાતની સાધારણ વનસ્પતિ છે ॥ એક કંદમૂળના કકડામાં અનંતા જીવછે ॥ તેનાં કુળ અઠાવીંશ લાખ કરોડછે ॥ તેનું આઉખું જઘન્ય અંતર મૂહુરતનું ॥ ઉત્કૃષ્ટું દશહજાર વર્ષનું ॥ તેની દયા પાળીએ તો મોક્ષનાં સુખપામીએ ॥

હવે ત્રસકાયના ચાર ભેદછે ॥ બેઈંદ્રી ॥ તેઇંદ્રી ॥ ચૌરંદ્રી॥ પચેંદ્રી ॥ હવે બેઈંદ્રિના બે ભેદ ॥ પ્રજાપ્તા અને અપ્રજાપ્તા ॥ બેઈંદ્રી તે કોને કહીએ ? જેને કાયા ॥ જીભ્યા ॥ બેઈંદ્રી હોય તેને બેઈંદ્રી કહીએ ॥ તેનાં નામ॥ જળો પોરા કીડા કરમીઆ સરમીઆ મામણમુંડા અળસીઆ લટલાળ સંખ છીપ કોડા આદિલેઈ ને ઘણી જાતના બેઈંદ્રી જીવછે ॥ તેનાં કુળ સાતલાખ કરોડછે॥ તેનું આઉખું જઘન્ય અંતર મૂહુરતનું ॥ ઉ–

ત્કૃષ્ટું બારવર્ષનું ॥ તેની દયા પાળીએતો મોક્ષના સુખ પામીએ ॥ તેઇંદ્રીના બે ભેદ ॥ પજાપ્તા અને અપજાપ્તા ॥ તેઇંદ્રી તે કોને કહીએ? કાયા મૂખને નાસિકા હોય તેને તેઇંદ્રી કહીએ ॥ તેનાં નામ જુ, લીખ ॥ ચાંચડ ॥ માંકડ ॥ કીડી ॥ અંથવા ॥ માટલા ॥ ધનેડા ॥ જુવા ॥ ઇતડી ॥ ગીંગોડા ॥ ધીમેલ ॥ ગધેઆ ॥ કાનખજુરા ॥ મંકોડા ॥ એ આદિ ઘણી જાતના તેઇંદ્રી જીવછે ॥ તેનાકુળ આઠ લાખકરોડ છે ॥ તેનું આઉખું જઘન્ય અંતર મુહુરતનું ॥ ઉત્કૃષ્ટું ઓગણપચાસ દિવસનું ॥ તેની દયા પાળીએતો મોક્ષના સુખ પામીએ ॥ હવે ચોઇંદ્રીના બે ભેદ ॥ તે પજાપ્તા અને અપજાપ્તા ॥ ચોઇંદ્રી તે કોને કહીએ? જેહને કાયા મુખ નાસિકા ને આંખ હોય તેને ચોઇંદ્રી જીવ કહેછે ॥ તેનાં નામ ॥ માખી ॥ મસલા ॥ ડાંસ ॥ મચ્છર ॥ ભમરા ॥ તીડ ॥ પતંગ ॥ કરોળીઆ ॥ કંસારી ॥ વીંછી ॥ ખડમાંકડી ॥ બગા ॥ ધુડીઆં ॥ કુદાં ॥ એ આદી ઘણી જાતના ચોઇંદ્રી જીવછે ॥ તેનાં કૂળ નવલાખ કરોડ

છે ॥ તેનું આઉખું જઘન અંતર મુહુરતનું ॥ ઉત્કૃ ષ્ટું છ માસનું ॥ તેની દયા પાળીએ તો મોક્ષના સુખ પામીએ ॥ હવે પચંદ્રી તે કોને કહીએ? જેને કાય ॥ મુખ ॥ નાસિકા ॥ આંખ ॥ કાન ॥ એ પ્રમાણે હોય તેને પચંદ્રી કહીએ ॥ તેના બે ભેદ ॥ પ્રજાપ્તા ॥ અને અપ્રજાપ્તા ॥ તેની ૪ જાત ॥ નારકી ॥ તિર્યં-ચ ॥ મનુષ્ય ॥ દેવતા ॥ તેમાં ૧૪ ભેદ નારકીના ॥ ૪૮ ભેદ તિર્યંચના ॥ ૩૦૩ ભેદ મનુષ્ય-ના ॥ ૧૯૮ ભેદ દેવતાના ॥ વળીતેમાં ચાર ભેદ ॥ ભવનપતિ ॥ વાણવ્યંતર ॥ જોતષી ॥ વૈમાનીક ॥ મનુ-ષ્યના ચાર ભેદ ॥ ૧૫ કર્મ ભૂમીના મનુષ્ય ॥ ૩૦ અ કર્મ ભૂમિના મનુષ્ય ॥ ૫૬ અંતર દ્વિપના મનુષ્ય ॥ ૧૪ સ્થાનકના સમૂર્છિમ મનુષ્ય ॥ તે કહેછે ॥ પેહેલે બોલે લઘુનિતમાં ઉપજે ॥ ૧ ॥ વડી નીતમાં ॥ ૨ ॥ બળખામાં ॥ ૩ ॥ લીંટમાં ॥ ૪ ॥ વમનમાં ॥ ૫ ॥ પીતોડામાં ॥ ૬ ॥ પરૂમાં ॥ ૭ ॥ લોહીમાં ॥ ૮ ॥ વિર્યમાં ॥ ૯ ॥ વિર્યાદિકના પુદગળ સૂકાણા તે ફરી ભીના થાય તેમાં ॥ ૧૦ ॥ મનુષ્યના કલેવરમાં ॥ ૧૧ ॥ સ્ત્રી પુરૂષના સં-

યોગમાં ॥ ૧૨ ॥ નગરની ખાલપ્રમુખમાં ॥ ૧૩ ॥ સર્વે મનુષ્ય સંબંધી અસૂચી સ્થાનકમાં ॥ ૧૪ ॥ એ ૧૪ સ્થાનકે સમૂર્છિમ મનુષ્ય ઉપજેછે ॥ હવે નારકીની સ્થિતિ જઘન્ય દસહજાર વર્ષની ॥ ઉત્કૃષ્ટી ૩૩ સાગરની ॥ તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર મુહુરતની ॥ ઉત્કૃષ્ટું ત્રણ પલ્યની ॥ મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર મુહુરતની ॥ ઉત્કૃષ્ટું ૩ પલ્યની॥ દેવતાની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની ॥ ઉત્કૃષ્ટી ૩૩ સાગરની ॥ તેની દયા પાળીએતો મોક્ષના સુખ પામીએ ॥ ઈતિશ્રી છકાયના બોલ સમપૂર્ણ.

अथ देव, गुरु, धर्म ए त्रण तत्वनी ओळखाण विषे.

चोपाइ.

પરમ પુરૂષ પરમેશ્વર દેવ ॥ તેહ તણી નીત કીજે સેવ॥
ભવદુખ ભંજન શ્રી અરિહંત॥રાગદ્વેષનો કીધો અંત॥

॥ ૧ ॥ ચોત્રિશ અતિશય શોભિત કીય ॥ ત્રિભુવનજ
ન નાયક જિનરાય ॥ પાંત્રીશ વાણી વચન રસાળ ॥
શિવ સુખ કારણ દીન દયાળ ॥૨॥ સુરિનર કિનર વં-
દીત પાય ॥ જય જગદિશ્વર ત્રિભુવનરાય॥ સિધ પુ-
રૂપ અવિચળ સુખ ધણી ॥ સેવા કરો ભવિજન તે
તણિ ॥ ૩ ॥ અષ્ટ કરમ દળ કીધા ચુર ॥ ચિદાનંદ નિ
તિ સુખ ભરપુર ॥ અનંત જ્ઞાન દરશન આધાર ॥
ઇદ્રિય દેહ રહિત આકાર ॥ ૪ ॥ તેને જન્મ જરા
નહી રોગ ॥ નહિ સુતદારા નહિ તસ ભોગ ॥ નહિ
તસ મોહ નહિ તસ માન ॥ નહિ તસ માયા નહીં અજ્ઞાન
॥ ૫॥ નહિ તસવેરી નહિ તસમિત્ર ॥ જ્ઞાનરૂપ જગનાથ
પવિત્ર ॥ તેપ્રભુનવિસરજે સંહરે ॥ રાગદ્વેષ તે ચિતનવિ
ધરે ॥ ૬ ॥ તે પ્રભુ નવિ પામે અવતાર ॥ આદીઅંત
નહિ તેનો પાર ॥ તે પ્રભુ નવિ લીલા ચીત ધરે ॥ તે
પ્રભુ હાસ્ય ક્રીડા નવિ કરે ॥ ૭ ॥ તે પ્રભુ નવિ નાચે
નવિ ગાય ॥ તે પ્રભુ ભોજન કાંઈ નવિ ખાય ॥
તે પ્રભુ પુષ્પ પુજા શું કરે ॥ તે પ્રભુ ગદા ચક્ર નવિ
ધરે ॥ ૮ ॥ તે પ્રભુ શુળ ધરે નહિ પાણી ॥ સાચો

જગદિશ્વર લ્યો જાણી ॥ વેદ પુરાણ સિધાંત વિચાર ॥
એ જગદિશ્વર નહિ સંસાર ॥ ૯ ॥ એ જગદિશ્વર
માને જેહ ॥ નિરાબાધ સુખ પામે તેહ ॥ એહ તજી
બીજો કોણ ધાય ॥ અમ્રત છાંડી વિખ કોણ ખાય
॥ ૧૦ ॥ રત્ન ચિંતામણી નાંખિ કરી॥ કોણ ગ્રહે
કર કાચ ઠીકરી॥ પોલી મૂઠી દીસે અસાર ॥ પથર
વાંહે નહીં ભવ પાર॥ ૧૧ ॥ અથવા મોહગ્રંથિલ નવિ-
લહે॥ દેખી પથ્થર સોવન કહે॥ નેત્ર રોગ પીડીત હોય
જેહ॥ પીત શંખ નર ભાંખે તેહ ॥૧૨॥ સુગુરૂ મળે જો
પુન્ય સંજોગ॥ જાય મિથ્યા મતનોતો રોગ॥ સુગૂરૂ
તારે ને પોતે તરે॥ ઉપકાર નાવ તણી પેરે કરે ॥૧૩॥
ક્રોધ માન મમતા પરિહરે॥ ત્રસ થાવરની રક્ષા કરે॥
સત્ય વચન મુખથી ઉચરે॥ કુડ કપટ તે ચિત નવિ
ધરે ॥૧૪॥ અણુદીધું તે ગુરૂજી નવિ ગ્રહે॥ દયા ધર્મ
ભવિજનને કહે॥ નારિતણિ સંગતી પરિહરે ॥ બ્રહ્મ-
ચર્યવ્રત ચોખુ ધરે ॥ ૧૫ ॥ નવ વિધ વાડ વિસુ
ધ વૃત ધરે ॥ તે ગુરૂ તારે ને ભવ તરે ॥ કામ ભોગ

લાલચ પરિહરે॥ સિલાંગરથ ગુણતે આદરે ॥૧૬॥
બ્રહ્મચર્ય પાખિ ગુરૂ હોય॥ તો ગુરૂ થાયે જગ સહુ
કોય ॥ ગૃહસ્થ ગુરૂ થઈને શું કરે ॥ લોહ સંગ
પથર કેમ તરે ॥૧૭॥ તારે ગુરૂ મહાવ્રત ધાર ॥
પંડિત જન એમ કહે વિચાર ॥ કનક રજત ધન
મમતા તજી ॥ મુકી લોભ ધર્મ સાધન ભજિ ॥૧૮॥
એણિ પેર પંચ વૃત ધરે ॥ ચાર કશાય મુનિવર
પરિ હરે ॥ શાસ્ત્ર તણા નિત દે ઉપદેશ ॥ શ્રી
ગુરૂ ટાળે સકળ કલેશ ॥ ૧૯ ॥ રાગ દ્વેષ મોહ
ટાળિ કરી ॥ એવા મુનિવર લહે શિવપુરી ॥ તરવા
જો વંછો સંસાર ॥ તો આરાધો ગુરૂ વ્રત ધાર॥૨૦॥
દયા ધર્મ ઉપદેશો સાર ॥ જિવ સરવેને કરે ઉપકાર
॥ દયા ધર્મ મોટો જગ સહી ॥ જેથી દુઃખ કોઈ
પામે નહિ ॥ ૨૧ ॥ કૈંજન દયા દયા મુખ ભણે ॥
ધર્મ કાજે ત્રસ થાવર હણે ॥ બોલે સાચું પણ
નવિ કરે ॥ કહો તે કેમ ભવ સાગર તરે ॥ ૨૨ ॥
દયા વિના જો થાએ ધર્મ ॥ તો હિંસાએ નવિ લાગે
કર્મ ॥ જો તપસ્યા ઘર બેઠા થાય ॥ તો ઘર છંડી

વન કોણ જાય ॥ ૨૩ ॥ સર્વે શાસ્ત્રે એ નીશ્ચે સહિ ॥ દયા વિના ધર્મ થાએ નહિ ॥ જ્યાં હિંસા ત્યાં પાતક હોય ॥ પંડિત શાસ્ત્ર વિચારિ જોય ॥ ૨૪ ॥ પૃથ્વીં પાણી અગ્નિ વાય ॥ વનસ્પતિ પંચ થાવર કાય ॥ દ્વિ ત્રિય ચૌ પચંદ્રી સાર ॥ ત્રસ જિવ એ આગમ સુવિચાર ॥ ૨૫ ॥ જૈન શિવ પણ એ જીવ કહે ॥ એ રાખે તો શિવ સુખ લહે ॥ એહ વચન નવિ માને જેહ ॥ ભવ બંધન નવિ છુટે તેહ ॥૨૬॥ હરિહર બ્રહ્મા બુધ જિન રાય ॥ તેહ તણા જે શેવે પાય ॥ તે પણ ધર્મ કરે તો તરે ॥ પાપ કરે તો ભવમાં ફરે ॥ ૨૭ ॥ દેવ નિરંજન ગુરૂવ્રત ધાર ॥ ધર્મ દયામય શીવ સુખકાર ॥ તત્વ ત્રણ સમકિત કે'વાય ॥ એ આરાધે શિવ સુખ થાય ॥૨૮॥ ભવિ આણ પામિ મનુષ અવતાર ॥ એ સમકિત આરાધો સાર ॥ રૂષિ લાલા તણે શું પસાય ॥ રામ મુની ભણે એ સઝાય. ॥ ૨૯ ॥ ॥ સમપૂર્ણ. ॥

नमो अरि हंताणं = કર્મરૂપી . વેરીને જીત્યા છે તેને નમસ્કાર.

नमो सिद्धाणं= સકળ કારજ સિદ્ધ કર્યા તેને નમસ્કાર.

नमो आयरीयाणं= છત્રીશ ગુણે કરી સહિત એવા આચાર્યને નમસ્કાર.

नमो उवझ्झायाणं= પચીસ ગુણે કરી સહિત ભણે ને ભણાવે એવા જે ઉપાધ્યાજીને નમસ્કાર.

नमो लोए सव्व साहूणं= લોકોને વિશે જગન બે હજાર કરોડ સાધુ ઉત્કૃષ્ટું નવ હજાર કરોડ સાધુ એ સરવેને નમસ્કાર.

એક અક્ષર નવકારનો, સુદ્ધ ગણે જે સાર;
તે બાંધે સુભ દેવનું, આયુષ અપરંપાર. ॥૧॥
ઓગણીશ લાખ ત્રેસઠહજાર, બસેં બાસઠ પળ;
ત્યાંહાં સુધી તે ભોગવે, નવકાર મંત્રનું ફળ ॥૨॥
અસુભ કર્મ કે હરણકુ, મંત્ર બડો નવકાર;
બાંણીદ્વાદસ અંગમે, દેખ લીઓ તત્વ સાર. ॥૩॥

अणूपूर्वि.

કોઠો ૧ લો.

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

કોઠો ૨ જો.

૧	૨	૪	૩	૫
૨	૧	૪	૩	૫
૧	૪	૨	૩	૫
૪	૧	૨	૩	૫
૨	૪	૧	૩	૫
૪	૨	૧	૩	૫

કોઠો ૩ જો.

૧	૩	૪	૨	૫
૩	૧	૪	૨	૫
૧	૪	૩	૨	૫
૪	૧	૩	૨	૫
૩	૪	૧	૨	૫
૪	૩	૧	૨	૫

કોઠો ૪ થો.

૨	૩	૪	૧	૫
૩	૨	૪	૧	૫
૨	૪	૩	૧	૫
૪	૨	૩	૧	૫
૩	૪	૨	૧	૫
૪	૩	૨	૧	૫

કોઠો ૫ મો.

૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

કોઠો ૬ ઠો.

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪

કોઠો ૭ મો.

૧	૩	૫	૨	૪
૩	૧	૫	૨	૪
૧	૫	૩	૨	૪
૫	૧	૩	૨	૪
૩	૫	૧	૨	૪
૫	૩	૧	૨	૪

કોઠો ૮ મો.

૨	૩	૫	૧	૪
૩	૨	૫	૧	૪
૨	૫	૩	૧	૪
૫	૨	૩	૧	૪
૩	૫	૨	૧	૪
૫	૩	૨	૧	૪

કોઠો ૯ મો.

૧	૨	૪	૫	૩
૨	૧	૪	૫	૩
૧	૪	૨	૫	૩
૪	૧	૨	૫	૩
૨	૪	૧	૫	૩
૪	૨	૧	૫	૩

કોઠો ૧૦ મો.

૧	૨	૫	૪	૩
૨	૧	૫	૪	૩
૧	૫	૨	૪	૩
૫	૧	૨	૪	૩
૨	૫	૧	૪	૩
૫	૨	૧	૪	૩

કોઠો ૧૧ મો.

૧	૪	૫	૨	૩
૪	૧	૫	૨	૩
૧	૫	૪	૨	૩
૫	૧	૪	૨	૩
૪	૫	૧	૨	૩
૫	૪	૧	૨	૩

કોઠો ૧૨ મો.

૨	૪	૫	૧	૩
૪	૨	૫	૧	૩
૨	૫	૪	૧	૩
૫	૨	૪	૧	૩
૪	૫	૨	૧	૩
૫	૪	૨	૧	૩

કોઠો ૧૩ મો.

૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

કોઠો ૧૪ મો.

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

કોઠો ૧૫ મો.

૧	૪	૫	૩	૨
૪	૧	૫	૩	૨
૧	૫	૪	૩	૨
૫	૧	૪	૩	૨
૪	૫	૧	૩	૨
૫	૪	૧	૩	૨

કોઠો ૧૬ મો.

૩	૪	૫	૧	૨
૪	૩	૫	૧	૨
૩	૫	૪	૧	૨
૫	૩	૪	૧	૨
૪	૫	૩	૧	૨
૫	૪	૩	૧	૨

કોઠો ૧૭ મો.

૨	૩	૪	૫	૧
૩	૨	૪	૫	૧
૨	૪	૩	૫	૧
૪	૨	૩	૫	૧
૩	૪	૨	૫	૧
૪	૩	૨	૫	૧

કોઠો ૧૮ મો.

૨	૩	૫	૪	૧
૩	૨	૫	૪	૧
૨	૫	૩	૪	૧
૫	૨	૩	૪	૧
૩	૫	૨	૪	૧
૫	૩	૨	૪	૧

કોઠો ૧૯ મો.

૨	૪	૫	૩	૧
૪	૨	૫	૩	૧
૨	૫	૪	૩	૧
૫	૨	૪	૩	૧
૪	૫	૨	૩	૧
૫	૪	૨	૩	૧

કોઠો ૨૦ મો.

૩	૪	૫	૨	૧
૪	૩	૫	૨	૧
૩	૫	૪	૨	૧
૫	૩	૪	૨	૧
૪	૫	૩	૨	૧
૫	૪	૩	૨	૧

ચોવીસ તિર્થંકરનાં નામ.

॥૧॥ શ્રી ઋષભદેવ ॥૨॥ શ્રી અજીતનાથજી ॥૩॥ શ્રી સંભવનાથ ॥ ૪ ॥ શ્રી અભિનંદન॥ ૫ ॥ શ્રી સુમતી નાથ ॥ ૬ ॥ શ્રી પદ્મપ્રભુ ॥ ૭ ॥ શ્રી સુપાર્શ્વનાથ ॥૮॥ શ્રી ચંદ્રપ્રભુ ॥ ૯ ॥ શ્રી સુબુદ્ધિનાથ ॥૧૦॥ શ્રી શીતળનાથ ॥૧૧॥ શ્રી શ્રેયાંસનાથ ॥૧૨॥ શ્રી વાસુપૂજ્યસ્વામી ॥૧૩॥ શ્રી વિમળનાથ ॥૧૪॥ શ્રી અનંતનાથ ॥૧૫॥ શ્રી ધર્મનાથ ॥૧૬॥ શ્રી શાંતી-નાથ॥૧૭॥શ્રી કુંથુનાથ ॥૧૮॥ શ્રી અરનાથ ॥૧૯॥ શ્રી મલ્લિનાથ ॥૨૦॥ શ્રી મુનિસુવ્રતસ્વામી ॥૨૧॥ શ્રી નમીનાથ ॥૨૨॥ શ્રી નેમનાથ ॥ ૨૩॥ શ્રી પાર્શ્વનાથ ॥૨૪॥ શ્રી મહાવીરસ્વામી.

માહાવીરસ્વામી પોહ્યા નિરવાણ. ગૌત્તમ સ્વામિ કેવળજ્ઞાન. એ ચોવીશીનું દીજે નામ જેથી ફળે વાંચ્છીત કામ ॥૧॥

દરરોજ નિયમો ધારવાની વીગત. (ગાથા.)

૧ સચિત ૨ દ્રવ્ય ૩ વિગ્ય ૪ વાણી ૫ તંબોળ ૬ વથ
૭ કુસુમેસુ: ૮ વાહન ૯ સયણ ૧૦ વીલેવણ: ૧૧ બંભ
૧૨ દીશી ૧૩ નહાંણ ૧૪ ભતેસુ: ॥ ૧ ॥

શબ્દ	અર્થ
૧ સચિત.	માટી, પાંણી, અગ્ની, વનસપ્તી, ફળ, ફુળ, ધાન્ય, કાષ્ટ, મુળ, પત્ર, બીજ, તથા જે લીલુ છેદ્યાને બે ઘડી થઇ ન હોય તે તથા અગ્નિ પ્રમુખ અનેરૂં શસ્ત્ર લાગ્યુ નહી તે ઇત્યાદી સચિતનું વચન ધારવું.
૨ દ્રવ્ય.	જે વસ્તું મુખમાં જુદા સ્વાદને અરથે નાખવી, તેહેની ગણતીનો, નિયમ, ઉદાહરણ; દાતણ પાણી વીગરે ગણતરી કરવી.
૩ વિગય.	દુધ, દહી, ઘી, ગોળ, તેલ, તથા જે ચીજ કહડાઇમાં તળાયછે તેની ગણતી ધારવી.
૪ વાંણી	પગરખાં અથવા જોડાતથા મોજા વીગરેની ગણતી ધારવી.
૫ તંબોળ.	પાન, સોપારી, ઇલાયચી, લવીંગ, ચુરણ ગોળી, ઇત્યાદિનુ વજન.
૬ વથ.	વસ્ત્ર (રેશમી, સુતરાઉ, શણ તથા ઉનનાં) વીગરેની ગણતી કરવી.
૭ કુસુમેસુ.	જે વસ્તું નાકે સુંઘવામાં આવે તેના તોલનું પ્રમાણ ઉદાહરણ:-છીકણી વીગરે.
૮ વાહન.	ચરતુ, ફરતુ, તરતુ, ઉદાહરણ:-હાથી ઘોડા, ગાડી, રથ, નાવ, વહાણ બોટ.
૯ સયણ.	સુવાની સજ્યા, પાટ, પાટલા, બીછાના, વીગરેની ગણતી.
૧૦ વીલેવણ.	જે વસ્તુ શરીરે ચોપડવામાં આવે તેના વજનનું ઉદાહરણ:-સુખડ, ચંદન.

૧૧ બંભર્ય.	બ્રહ્મચર્યનો નિયમ.
૧૨ દીશી	પુર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊંચુ, નીચું, એ છ દીશાએ જવાના ગાઉનુ પ્રમાણ.
૧૩ નાહાણ	બધે અંગે નહાવુ તેની ગણતી.
૧૪ ભતેસુ.	જમતા ભોજન, પાણી વાપરવું તેના વજનનું પ્રમાણ.
૧૫ પ્રથિવકાય	માટી, મીઠું, ખડી, રમચી, વીગરે વાપરવાના વજનનું પ્રમાણ.
૧૬ અપકાય	ટાહાડું તથા ઊનું પાણી, પીધા તથા વાપરયા તથા નાહ્યા, વીગરેના કામમાં આવે તે સરવેના વજનનું પ્રમાણ.
૧૭ તેઊકાય	ચ્યારી ચુહુલા, દીવા, સગડીઓ વીગરે સળગાવવાની ગણતીનું પ્રમાણ તથા તેના પ્રમાણમાં રાંધેલુ જમવાનો નિયમ.
૧૮ વાઊકાય	પંખાથી, તથા લુગડાથી પવન નાખવો તથા ફુંકવું, તથા હિંચવું, તેનું પ્રમાંણ.
૧૯ વનસ્પતી કાય.	લીલોતરી, ફળ, શાક, ભાજી, વીગરેનુ પ્રમાણ
૨૦ ત્રસકાય	બેયંદ્રીથી તે પચંદ્રી સુધીના નિરઅપરાધી ત્રસજીવને કુ બ્દ્ધિએ કરી હણવો નહી તે વીશેનો નીયમ.
૨૧ અસી.	તરવાર, બંદુક, છરી, છરા, ચપ્પા વીગરે સસ્ત્ર ધારણ કરવાનુ પ્રમાણ.
૨૨ મસી.	ખડીઆ, દ્વાતો, કલમો, વીગરે રૂશનાઇના વાસણની ગણતી.
૨૩ કૃશી.	જમીન ખોદવાનુ, ઘર, ક્ષેત્ર, ટાંકા, ભોંયરાં તળાવ, વાવ્ય, કુવા, વીગરે ખોદવાના રાચનું પ્રમાણ તથા તે વાપરવાનુ પ્રમાણ.

એ રીતે ઊપર લખેલા નીયમો દરરોજ ધારવા એ શ્રાવક લોકોનો મુખ્ય ધરમ છે.

सूचना पत्र.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણે રોકડી કીમતે મળશે. પરદેશથી મંગાવનારે ટપાલ ખરચ જ્યાદે આપવો પડશે.

લીંમડી—શેઠ હરજીવન કસ્તુર, ગાંધી આઘડ કાહાનજી ને શેઠ કાનજી સુંદરજી

ધોલેરા—શાહ મોતી વલ્લભ.

વઢવાણ—માણેકચંદ ડોસાભાઇ વોરા.

ધ્રાંગધરા—માથકીઆ વખતચંદ પાનાચંદ.

સાયલા— શેઠ ફતેચંદ કાળુભાઇ.

મોરબી—દોશી ન્યાલચંદ જીવરાજ.

માંડવી—શાહ સાકરચંદ ખીમરાજ.

અંજાર—શાહ કરમચંદ ધરમશી

ભુજ—મેહેતા આણંદજી પીતાંબર.

ધોરાજી—શાહ કાળીદાસ ધારશી.

જેતપુર—મેહેતા ગોપાલજી ચતુરભુજ.

ચુડા—ગાંધી ઠાકરશી નાનજી.

રાજકોટ—ગાંધી ભાઇચંદ કાહાનજી. ઠે. હાઇસ્કૂલ.

લખતર—શેઠ વર્દ્ધમાન જેશંગ.